# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Re-Accredited

**Grade A** by NAAC

**(CGPA 3.05)**

# સિન્ડિકેટની સામાન્ય સભાની કાર્યવાહી નોંધ

## તા.૧૩/૦૩/૨૦૧૮

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૫

**SAURASHTRA UNIVERSITY**
University Campus, University Road,
Rajkot – 360 005
PHONE : (0281) 2578501 / FAX : (0281) 2586983

**Re-Accredited Grade "A" by NAAC**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સિન્ડિકેટની માર્ચ માસની સામાન્ય સભા તા.૧૩/૦૩/૨૦૧૮ ને મંગળવારના રોજ સવારના ૧૧:૩૦ કલાકે, સિન્ડિકેટ મીટીંગરૂમ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલઈ, યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે મળેલ, જેમાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજર/ગેરહાજર |
|---|---|---|
| ૧. | ડૉ. કમલભાઈ આર. ડોડીયા -કુલપતિશ્રી | હાજર |
| ૨. | ઉપકુલપતિશ્રી | ---- ખાલી ---- |
| ૩. | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી | ગેરહાજર |
| ૪. | નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ | ગેરહાજર |
| ૫. | નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ તથા તબીબી શિક્ષણ | ગેરહાજર |
| ૬. | પ્રિ. ડૉ. વિજયભાઈ કે. પટેલ | હાજર |
| ૭. | પ્રિ. ડૉ. ધરમભાઇ ડી. કાંબલીયા | હાજર |
| ૮. | ડૉ. મેહુલભાઈ પી. રૂપાણી | હાજર |
| ૯. | ડૉ. રમેશભાઈ ડી. વાઘાણી | હાજર |
| ૧૦. | ડૉ. ભાવિનભાઈ એસ. કોઠારી | હાજર |
| ૧૧. | શ્રી પ્રશાંતભાઈ બી. ચ્હાવાલા | હાજર |
| ૧૨. | શ્રી હરદેવસિંહ ડી. જાડેજા | હાજર |
| ૧૩. | ડૉ. ગીરીશભાઈ સી. ભીમાણી | હાજર |
| ૧૪. | શ્રી નેહલભાઈ સી. શુકલ | ગેરહાજર |
| ૧૫. | શ્રી પ્રવિણસિંહ આર. ચૌહાણ | હાજર |
| ૧૬. | ડૉ. વર્ષાબેન પી. છીછીયા | હાજર |
| ૧૭. | શ્રી અનિરૂદ્ધસિંહ પઢીયાર | હાજર |
| ૧૮. | ડૉ. મનીષ મહેતા | હાજર |
| ૧૯. | શ્રી જે. પી. જેસ્વાની | હાજર |
| ૨૦. | ડૉ. અમિતભાઈ આર. હપાણી | હાજર |

સભાની શરૂઆતમાં ડૉ. કમલભાઈ આર. ડોડિયાની કાર્યકારી કુલપતિશ્રી તરીકે નિયુક્તિ થતાં તેને આવકારેલ અને સર્વે સભ્યશ્રીઓએ ડૉ. કમલભાઈ આર. ડોડિયાને શુભેચ્છા પાઠવી હતી.

૧ સિન્ડિકેટ — સિન્ડિકેટની તા.૨૪/૦૮/૨૦૧૭ની મીનીટ્સ મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૨૪/૦૮/૨૦૧૭ની મીનીટ્સ મંજૂર કરવામાં આવી અને માન.કુલપતિશ્રીએ તેના પર સહી કરી.**

૨ સિન્ડિકેટ — સિન્ડિકેટની તા.૨૪/૦૮/૨૦૧૭ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ લેવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા.૨૪/૦૮/૨૦૧૭ની સભામાં થયેલ ઠરાવો અને કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ લેવી.**

**(નોંધ : કાર્યાલયે લીધેલ પગલાનાં અહેવાલની નોંધ પરિશિષ્ટ "૦૧" તરીકે આ સાથે સામેલ છે.)**

૩ બાંધકામ — તા.૧૧/૦૯/૨૦૧૭ નાં રોજ મળેલ એસ્ટેટ કમિટી ની ભલામણો મંજુર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે એસ્ટેટ કમિટિની તા.૧૧/૦૯/૨૦૧૭ની સભાની ભલામણો મંજૂર કરવી.**

**(નોંધ : એસ્ટેટ કમિટિની તા.૧૧/૦૯/૨૦૧૭ નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૦૨" તરીકે આ સાથે સામેલ છે.)**

૪ બાંધકામ — તા.૧૩/૧૦/૨૦૧૭ નાં રોજ મળેલ એસ્ટેટ કમિટી ની ભલામણો મંજુર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે એસ્ટેટ કમિટિની તા.૧૩/૧૦/૨૦૧૭ની સભાની ભલામણો મંજૂર કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ખાતે નિર્માણાધીન પ્રકલ્પોનું લીસ્ટ સિન્ડીકેટ સભ્યોને આપવું. જેથી તેઓ સાઈટ વિઝીટ કરી શકે.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે હવે પછીથી નવા હાથ ધરાનાર પ્રકલ્પો/બાંધકામોનું રાજ્ય સરકારશ્રીઓના માર્ગ અને મકાન વિભાગ દ્વારા ટેન્ડર કરવામાં આવે છે તે રીતે ૫ વર્ષ સુધીના મેઈન્ટેનન્સ સાથેનું ટેન્ડર કરવું.**

**(નોંધ : એસ્ટેટ કમિટિની તા.૧૩/૧૦/૨૦૧૭ નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૦૩" તરીકે આ સાથે સામેલ છે.)**

૫ તા.૨૩/૧૨/૨૦૧૭ નાં રોજ મળેલ ફાઈનાન્સ સમિતિની ભલામણો અને કાર્યવાહી નોંધ
હિસાબ મંજુર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ સમિતિની તા.૨૩/૧૨/૨૦૧૭ની સભાની ભલામણો મંજૂર કરવી**

**(નોંધ : ફાઈનાન્સ કમિટિની તા.૨૩/૧૨/૨૦૧૭નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૦૪" તરીકે આ સાથે સામેલ છે.)**

૬ તા.૧૪/૧૦/૨૦૧૭ નાં રોજ મળેલ ફાઈનાન્સ સમિતિની ભલામણો અને કાર્યવાહી નોંધ
હિસાબ મંજુર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ સમિતિની તા.૧૪/૧૦/૨૦૧૭ની સભાની ભલામણો મંજૂર કરવી**

**(નોંધ : ફાઈનાન્સ કમિટિની તા.૧૪/૧૦/૨૦૧૭નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૦૫" તરીકે આ સાથે સામેલ છે.)**

૭ તા.૧૮/૦૯/૨૦૧૭ નાં રોજ મળેલ ફાઈનાન્સ સમિતિની ભલામણો અને કાર્યવાહી નોંધ
હિસાબ મંજુર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ સમિતિની તા.૧૮/૦૯/૨૦૧૭ની સભાની ભલામણો મંજૂર કરવી**

**(નોંધ : ફાઈનાન્સ કમિટિની તા.૧૮/૦૯/૨૦૧૭નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૦૬" તરીકે આ સાથે સામેલ છે.)**

૮ ગ્રંથપાલ સમિતિની તા.૨૫/૧૦/૨૦૧૭ ની સભાના ઠરાવ ક્રમાંક -૨ પર વિચારણા કરવા
ગ્રંથપાલ બાબત.

**<u>ઠરાવ ક્રમાંક-૨</u>** (૨) રુસા અંતર્ગત વર્ષ ૨૦૧૭-૧૮ની ગ્રાન્ટની ફાન્વાની પ્રમાણે ₹૫૦,૦૦,૦૦૦/-ની સામાયિક તથા ઈ-જર્નલ તેમજ પુસ્તક ખરીદી ₹૧,૦૦,૦૦,૦૦૦/-ની ફાળવણી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, રુસા અંતર્ગત વર્ષ ૨૦૧૭-૧૮ ની ગ્રાન્ટની ફાળવણી પ્રમાણે ₹૫૦,૦૦,૦૦૦/-ની સામયિક તથા ઈ-જર્નલ તેમજ ઈ-બુકસ માટે તેમજ પુસ્તક ખરીદી ₹૧,૦૦,૦૦,૦૦૦/-સામેલ પરિશિષ્ટ મુજબ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

**આથી ઠરાવવામાં આવે છે કે, રુસા અંતર્ગત વર્ષ ૨૦૧૭-૧૮ ની ગ્રાન્ટની ફાળવણીમાંથી કરેલ સામયિક તથા ઈ-જર્નલ તેમજ ઈ-બુકસ માટે તેમજ પુસ્તક ખરીદીનો ઉપર્યુક્ત ખર્ચ મંજૂર કરવો.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ઈ-જર્નલ અને ઈ-બુકસની લીંક તેમજ ક્યા ક્યા પુસ્તકો યુનિવર્સિટીની લાઈબ્રેરીમાં છે તેની યાદી તેમજ “New arrivals”ની યાદી પણ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વેબસાઈટ પર મુકવી.**

**(નોંધ : ઉપરોકત બાબત પરિશિષ્ટ "૦૭" તરીકે આ સાથે સામેલ છે)**

૯ મહેકમ-અ

યુનિવર્સિટીનાં રસાયણશાસ્ત્ર અનુસ્નાતક ભવન તથા બાયોસાયન્સ અનુસ્નાતક ભવનમાં "વોક ઇન ઇન્ટરવ્યુ" દ્વારા કરાર આધારિત આસિસ્ટન્ટ પ્રોફેસર (વ્યાખ્યાતા સહાયક) ૧૧ માસ માટે રૂ| ૨૫,૦૦૦/- ફિક્સ વેતનથી નિમણુંક કરવા માટે મળેલી વરણી સમિતિની બેઠકમાં પસંદ થયેલા ઉમેદવારોને સિન્ડીકેટની બહાલીની અપેક્ષાએ નિમણુંક આદેશ આપ્યા અંગેનાં માનનીય કુલપતિશ્રીનાં કાર્યને બહાલી આપવા બાબત.

| ક્રમ | ભવનનું નામ | જાહેરાત આપ્યા તારીખ | વરણી સમિતિની તારીખ | પસંદ થયેલ ઉમેદવારનું નામ | પગાર ધોરણ |
|---|---|---|---|---|---|
| ૧ | રસાયણ શાસ્ત્ર અનુસ્નાતક ભવન | તા.૦૪/૦૮/૨૦૧૭ | તા.૨૧/૦૮/૨૦૧૭ | ડૉ.મિનાક્ષી મારૂ | ₹૨૫,૦૦૦/- ફિક્સ |
| ૨ | બાયોસાયન્સ અનુસ્નાતક ભવન | તા.૦૫/૦૮/૨૦૧૭ | તા.૨૮/૦૮/૨૦૧૭ | જ્યોતિ જીજ્ઞાસી | ₹૨૫,૦૦૦/- ફિક્સ |

(નોંધ:- રસાયણશાસ્ત્ર અનુસ્નાતક ભવન તથા બાયોસાયન્સ અનુસ્નાતક ભવનમાં કરાર આધારીત આસીસ્ટન્ટ પ્રોફેસર ( વ્યાખ્યાતા સહાયક) ની જગ્યા ભરવા માટે ઉપર્યુક્ત વિગતે "વોક ઇન ઇન્ટરવ્યુ" ગોઠવવામાં આવેલ. વરણી સમિતિની ભલામણ મુજબ રૂ| ૨૫,૦૦૦/- નાં ફિક્સ વેતનથી આ જગ્યાઓ ભરવા માટે ઉમેદવારની પસંદગી કરવામાં આવેલ હતી, જેને સિન્ડીકેટની બહાલીની અપેક્ષાએ માનનીય કુલપતિશ્રીનાં આદેશ મુજબ નિમણુંક પત્રો રવાના કરેલ છે. જેને બહાલી આપવાની રહે છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

૧૦ મહેકમ-અ યુનિવર્સિટીના જુદા જુદા અનુસ્નાતક ભવનોમાં ૧૧ માસ માટે કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા અધ્યાપકોની મુદત બ્રેક આપી ૧૧ માસ માટે લંબાવી આપ્યાની માનનીય કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

| ક્રમ | અધ્યાપકશ્રીનું નામ | ભવનનું નામ | મુદત પૂર્ણ થયા તારીખ | મુદત લંબાવી આપ્યા તારીખ |
|---|---|---|---|---|
| ૧ | ડો.એફ ડી.કારિયા | કેમેસ્ટ્રી | તા.૦૫/૦૮/૨૦૧૭ | તા.૧૦/૦૮/૨૦૧૭ થી તા.૦૯/૦૭/૨૦૧૮ |
| ૨ | ડો.મયુર વી.સવસાણી | આંકડાશાસ્ત્ર | તા.૧૮/૦૮/૨૦૧૭ | તા.૨૩/૦૮/૨૦૧૭ થી તા.૨૨/૦૭/૨૦૧૮ |
| ૩ | શ્રી પિનાલી ટી.વાઢેર | અંગ્રેજી | તા.૧૬/૦૯/૨૦૧૭ | તા.૨૦/૦૯/૨૦૧૭ થી તા.૧૯/૦૮/૨૦૧૮ |
| ૪ | શ્રી વિરલ કે.શુક્લ | અંગ્રેજી | તા.૧૬/૦૯/૨૦૧૭ | તા.૨૦/૦૯/૨૦૧૭ થી તા.૧૯/૦૮/૨૦૧૮ |
| ૫ | શ્રી નાસિર કે.વાડીયા | ફાર્મસી | તા.૦૧/૦૭/૨૦૧૭ | તા.૦૫/૦૭/૨૦૧૭ થી તા.૦૪/૦૬/૨૦૧૮ |

(નોંધ: - યુનિવર્સિટીના ઉપર દર્શાવેલ ભવનોમાં ૧૧ માસ માટે કરાર આધારિત આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા અધ્યાપકશ્રીઓની મુદત બ્રેક આપી ૧૧ માસ માટે લંબાવી આપેલ છે.)

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

૧૧ મહેકમ-અ યુનિવર્સિટીનાં જુદા જુદા અનુસ્નાતક ભવનોમાં ફરજ બજાવતા અધ્યાપકોની રજાઓ જેવી કે, સી.એલ, હક્ક રજા, માંદગી રજા, ડયુટીલીવ, ઓનડયુટી વગેરે મંજુર કરવા બાબતે ઓર્ડીનન્સ ૨૦૫ ની જોગવાઈમાં સુધારો કરવા બાબત.

(નોંધ: - ઓર્ડીનન્સ ૨૦૫માં હાલમાં રજા મંજુર કરવા અંગે નીચે મુજબ જોગવાઈ છે.

**D)** The head of the university post-graduate department in case of his subordinates and the vice-chancellor in case of the head of the university post-graduate department shall be competent to sanction the leave.

In case of duty leave for research work or other academic pursuit , the sanctioning authority will be vice-chancellor if it is for more than thirty days in an academic year his/ her case shall be placed for consideration of the syndicate.

સિન્ડીકેટની તા.૨૪/૦૮/૨૦૧૭ ની સભામાં ઠરાવ ક્રમાંક ૨૦ થી થયેલ ઠરાવ અનુસાર ઓર્ડીનન્સ ૨૦૫માં હાલમાં રજા મંજુર કરવા અંગે જે જોગવાઈ છે તેમાં નીચે મુજબ સુધારો કરવાનો રહે છે.

The head of the university post-graduate department in case of his subordinates the head of the university post-graduate department shall be competent to sanction all type of leave like C.L,E.L,S.L,D.L e.t.c. the vice-chancellor in case of the head of the university post-graduate department shall be competent to sanction the all type of leave. if it is for more than thirty days in an academic year his/ her case shall be placed for consideration of the syndicate.

The register of all type of leave to be maintained by the post graduate department separately.

**આથી ઠરાવમાં આવે છે કે, ઓર્ડીનન્સ ૨૦૫ ની જોગવાઈ નીચે મુજબના સુધારા સાથે મંજૂર કરવી.**

**The head of the university department** shall be competent to **sanction all type of leave like C.L,E.L,S.L,D.L e.t.c.** for **his subordinates. The vice-chancellor in case of the head of the university department shall be competent to sanction the all type of leave. If it is for more than thirty days in an academic year his/ her case shall be placed for consideration of the syndicate.**

**The register of all type of leave to be maintained by the** Universty **department separately.**

૧૨ એકેડમિક ડીનશ્રી, તબીબી વિદ્યાશાખાએ તેઓશ્રીનાં તા.૩૧/૦૮/૨૦૧૭નાં પત્રથી કરેલ ભલામણ ધ્યાને લઇ માનનીય કુલપતિએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ની સત્ર વ્યવસ્થા નીચે મુજબની વિગતે અધિકાર મંડળોની બહાલીની અપેક્ષાએ મંજુર કરેલ હોવાથી માનનીય કુલપતિશ્રીના ઉક્ત કાર્યને બહાલી આપવા બાબત તબીબી વિદ્યાશાખાની મંજુર કરેલ સત્ર વ્યવસ્થા નીચે મુજબ છે.

**Diwali Vacation**
First half of vacation is – 17/10/2017 to 31/10/2017
Common working day – 01/11/2017 Wednesday
Second half of vacation – 02/11/2017 to 16/11/2017
**Summer Vacation**
First half of vacation is – 17/04/2018 to 16/05/2018
Common working day – 17/05/2018 Thursday
Second half of vacation – 18/05/2018 to 16/06/2018

**N.B.1.** - As only half of staff members are on vacation at a time academic activities will run as per schedule.
**2.** All the principals of colleges are requested to reschedule the vacation if any changes occur due to emergency conditions or inspection of regulatory authorities (MCI, DCI, NCI etc.) after consulting the faculty dean

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

(નોંધ: - સત્ર વ્યવસ્થા પરિપત્રાંક નં.એકે/તબીબી/૯૯૪/૨૦૧૭, તા.૨૩/૦૯/૨૦૧૭થી પ્રસિદ્ધ કરેલ છે.

૧૩ એકેડમિક ડીનશ્રી, તબીબી વિદ્યાશાખા દ્વારા રજુ થયેલ B.ASLP. અભ્યાસક્રમના રીહેબીલીએશન કાઉન્સિલ ઓફ ઇન્ડિયા દ્વારા તૈયાર કરવામાં આવેલ નીચે દર્શાવ્યા પ્રમાણે એવોર્ડ ઓફ ક્લાસના ઓર્ડીનન્સ ૧૨.૧(એ) થી ૧૨.૧(એફ) ડીનશ્રીની ભલામણ પરત્વે માન. કુલપતિશ્રીએ અધિકાર મંડળોની બહાલીની અપેક્ષાએ શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮થી મંજુર કરેલ છે. જેથી માન. કુલપતિશ્રીના બહાલીના કાર્યની નોંધ લેવા બાબત.

**12.1 AWARD OF CLASS**

**(1) Successful candidate who obtains 50% to 59.99% shall be declared to have passed the examination in Second Class.**

**(2) Successful candidate who obtains 60% to 69.99% shall be declared to have passed the examination in First Class.**

**(3) Successful candidate who obtains 70% and above shall be declared to have passed the examination in First Class with Dinsction.**

**(4) Only those candidates who pass the whole examination at the First Attempt will be eligible for Distinction or class.**

**12.1(A) Awards, Prizes, Medals**

**Will be given to the candidates as per rules of the university**

**12.1(B) Award of Degree**

**The candidate who has successfully comlpleted the degree programme including internship shall be entitled for the award of Degree of B.ASLP.**

**12.1(C) Rank certificates shall be given to concern candidate as per rules of the university.**

**12.1(D) The gracing rules of the Faculty of Medicine shall be apply to B.ASLP. Programme.**

**12.1(E) In case of Disputes, the decision of the Vice Chancellor shall be final.**

**12.1(F) Pattern of question paper shall be as per annexure attached.**

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

(નોંધ: - ઉપરોક્ત અભ્યાસક્રમ પરિપત્રાંક એકે/તબીબી/**B.ASLP./1139**/૨૦૧૭, તા.૨૨/૧૨/૨૦૧૭થી પરિપત્રીત કરવામાં આવે છે.)

૧૪ સામાન્ય સિન્ડિકેટ નીમેલ સમિતિ તા.૨૪/૦૮/૨૦૧૭ની સામાન્ય ઠરાવ અન્વયે તા.૦૧/૦૪/૨૦૧૬ થી ૩૧/03/૨૦૧૭ સુધીના સમયનો વર્ષ ૨૦૧૬-૧૭નો ૫૦મો વાર્ષિક અહેવાલ તૈયાર કરવામાં આવેલ છે, જે સેનેટમાં રજૂ કરવા માટે મંજૂર થવા બાબત.

સિન્ડિકેટ તા.૨૪/૦૮/૨૦૧૭ નાં ઠરાવ ક્રમાંક ૨૬ થી વાર્ષિક અહેવાલ તૈયાર કરવા માટે નીચે મુજબના સભ્યોની સમિતિની રચના કરવામાં આવેલ.

(૧) ડૉ. વિજયભાઈ પટેલ
(૨) ડૉ. ધરમભાઈ કાંબલીયા
(૩) પ્રો. રાજેન્દ્ર ચોટલીયા
(૪) ડૉ. નીતીનભાઈ વડગામા
(૫) ડૉ. સંજય મુખરજી
(૬) ડૉ. રંજનબેન ખુંટ

**આથી ઠરાવવામાં આવે છે કે, તા.૦૧/૦૪/૨૦૧૬ થી તા.૩૧/૦૩/૨૦૧૭ સુધીના સમયનો વર્ષ ૨૦૧૬-૧૭ નો ૫૦ મો વાર્ષિક અહેવાલ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.**

૧૫ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી બોર્ડ ઓફ કલ્ચર ની એક સભા તા.૨૬/૦૮/૨૦૧૭ ને શનિવાર બપોરે
શા.શિ. ૨:૦૦ કલાકે મળેલ હતી તેની કાર્યવાહી નોંધ ને મંજૂર થવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઓફ કલ્ચરની તા.૨૬/૦૮/૨૦૧૭ની સભાની ભલામણો મંજૂર કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઓફ કલ્ચરની કમિટીમાં એક સિન્ડિકેટ સભ્યશ્રીની નિમણૂંક કરવા માટે ઓર્ડીનન્સ ૨૯ માં જરૂરી સુધારો કરવો.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે શક્ય હોય તો નવા શૈક્ષણિક વર્ષમાં બોર્ડ ઓફ કલ્ચર, બોર્ડ ઓફ સ્પોર્ટસ અને સિન્ડિકેટની સંયુક્ત સભા બોલાવવી.**

૧૬ તા.૧૨/૦૧/૨૦૧૮ નાં રોજ મળેલ એસ્ટેટ કમિટી ની ભલામણો મંજુર કરવા બાબત.
બાંધકામ

**આથી ઠરાવવામાં આવે છે કે એસ્ટેટ કમિટીની તા.૧૨/૦૧/૨૦૧૮ની સભાની ભલામણો મંજૂર કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે ઓડીટોરીયમનું સ્થળ નક્કી કરવા સંદર્ભે નીચે મુજબ ના ચાર સભ્યોની કમિટિ બનાવવી.**

**૧. યુનિવર્સિટી ઈજનેરશ્રી　　૨. ડૉ.નિદતભાઈ બારોટ**
**૩. શ્રી રાહુલભાઈ મહેતા　　૪. શ્રી વી.એચ. ડાંગસિયા**

**ઉપરોક્ત કમીટીએ પાર્ટી પ્લોટ સહિત જુદા-જુદા ૦૫ વૈકલ્પીક સ્થળો નક્કી કરી તેનાં ફાયદા/ગેરફાયદા, વ્યવસ્થા,વ્યવહારૂતા સહિતનો અહેવાલ દિન ૦૭ માં આપવો અને આ અહેવાલ તૈયાર થયે નિશ્ચિત તારીખે સર્વે સિન્ડિકેટ સભ્યશ્રીઓને સ્થળ નિરીક્ષણ માટે બોલાવી સ્થળ નિશ્ચિત કરવું.**

**(નોંધ : એસ્ટેટ કમિટિની તા.૧૨/૦૧/૨૦૧૮ નાં રોજ મળેલ સભાની ભલામણો પરિશિષ્ટ "૦૮" તરીકે આ સાથે સામેલ છે.)**

૧૭ પરીક્ષા-૪ સવિનય જણાવવાનું કે માહિતી અધિકારી અધિનિયમ-૨૦૦૫ અંતર્ગત અરજદાર ને ઉતરવહી ની નકલ પૂરી પાડવા માટેની ગાઈડ લાઈન માન. કુલપતિશ્રીએ મંજૂર કર્યાનાં કાર્યને સિન્ડિકેટમાં મંજૂર કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે પેપર નિરીક્ષણ અર્થે પરીક્ષક આવે ત્યારે આ ઉત્તરવહી RTI અંતર્ગત વિદ્યાર્થીને મળવાપાત્ર છે તે તેઓને ખ્યાલ છે અને તેઓ જવાબદારીપૂર્વક નિરીક્ષણ કરશે તે અનુસારનો બાંહેધરી પત્ર મેળવવો.**

**(નોંધ : ઉપરોકત બાબત પરિશિષ્ટ "૦૯" તરીકે આ સાથે સામેલ છે)**

૧૮ પરીક્ષા-૪ તબીબી વિદ્યાશાખા હેઠળ આવતી તમામ પરીક્ષાઓની ઉતરવહીઓના પુનઃમુલ્યાંકનનાં દરમાં આજ સુધી કોઈ વધારો કરવામાં આવેલ ન હતો. પરંતુ પરીક્ષા વિભાગ-૨ દ્વારા તા.૦૪/૦૫/૨૦૧૭ નાં પરિપત્ર થી તબીબી વિદ્યાશાખા હેઠળ આવતી તમામ પરીક્ષાઓની ઉત્તરવહીનાં મુલ્યાંકન માટે નીમવામાં આવતા પરીક્ષકોના મહેનતાણામાં વધારો કરવામાં આવેલ છે તે વધારો પુનઃ મુલ્યાંકનમાં પણ લાગુ પડવાનો રહે. જે માન.કુલપતિશ્રીએ સિન્ડિકેટ ની બહાલીની અપેક્ષાએ મંજૂર કર્યાનાં કાર્યને બહાલી આપવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

૧૯ મહેકમ-બ યુનિવર્સીટીનાં કર્મચારીઓ તથા તેમના સંતાનોને યુનિવર્સીટીનાં અનુસ્નાતક ભવનમાં ચાલતા વૈધાનિક સંસ્થાનાં કાર્યક્ષેત્રમાં આવતાં હોય તેવા કોર્સમાં પરંતુ ગ્રાન્ટ ઈન એઈડની સીટ પર પ્રવેશ મેળવે તો તેવા કિસ્સામાં યુનિવર્સીટીનાં કર્મચારીઓને ટ્યુશન ફીપરીક્ષા / અર્ધી રજીસ્ટ્રેશન/ગ્રંથાલય ફી/ક ફીગુણપત્ર/ફી ફી વગેરેમાં મુક્તિનો લાભ આપવો કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

નોંધ:- (૧) સિન્ડિકેટની તારીખ ૦૫/૦૯/૦૬ ની સભાનાં ઠરાવ ક્રમાંક ૩૭ થી નીચે મુજબ ઠરાવ કરવામાં આવેલ છે.

"આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી નાં કર્મચારીઓના સંતાનોને યુનિવર્સિટી ખાતેના અનુસ્નાતક ભવનોના વૈધાનિક સંસ્થાઓના કાર્યક્ષેત્રમાં આવતા ન હોય તેવા સ્વનીર્ભર અભ્યાસક્રમોમાં પણ ફ્રિ સીટ – રેગ્યુલર અભ્યાસક્રમોની જેમ ટ્યુશન ફી/ પરીક્ષા ફી/ ગુણપત્રક ફી/ ગ્રંથાલય ફી/ અર્ધી રજીસ્ટ્રેશન ફી વગેરેમાં મુક્તિ આપવી.

(૨) ઉપર્યુક્ત ઠરાવને ધ્યાને લઇ યુનિવર્સિટી નાં કર્મચારીઓના સંતાનો વૈધાનિક સંસ્થાઓના કાર્યક્ષેત્ર માં આવતા ન હોય તેવા (એમ.બી.એ., એમ.સી.એ., એલ.એલ.એમ., એમ.એડ.) સિવાયનાં સ્વનીર્ભર અનુસ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવે તો તેઓને પણ ફી મુક્તિનો લાભ મળી શકશે.

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં કર્મચારીઓ તથા સંતાનોને યુનિવર્સિટીનાં અનુસ્નાતક ભવનમાં ચાલતા વૈધાનિક સંસ્થાના કાર્યક્ષેત્રમાં આવતા હોય તેવા કોર્ષમાં પરંતુ ગ્રાન્ટ-ઈન-એઈડની સીટ પર પ્રવેશ મેળવે તો તેવા કિસ્સામાં યુનિવર્સિટીનાં કર્મચારીઓને ટ્યુશન ફી અને પરીક્ષા ફી મુક્તિનો લાભ આપવો.**

૨૦ મહેકમ-બ ગુજરાત સરકારશ્રીના નાણા વિભાગના તા.૧૨/૦૫/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક:વલભ-૧૦૨૦૧૬-જીઓઆઈ-૭-ચ થી રાજ્ય સરકારે સરકારી કર્મચારીઓને ચૂકવવાપાત્ર મોંઘવારી ભથ્થામાં સાતમાં પગાર પંચની મોંઘવારી ભથ્થાની ચુકવણી અંગે નીચે દર્શાવેલ તારીખથી અને તેની સામે દર્શાવ્યા મુજબના દરે મોંઘવારી ભથ્થાની રકમ ચુકવ્યા અંગેની જાણ થવા બાબત.

નોંધ (૧) :-

| ચૂકવવાપાત્ર તારીખ | ચૂકવવાપાત્ર માસિક મોંઘવારી ભથ્થાનો દર |
|---|---|
| તા.૦૧-૦૧-૨૦૧૬ થી | ૦% |
| તા.૦૧-૦૭-૨૦૧૬ થી | ૨% |
| તા.૦૧-૦૧-૨૦૧૭ થી | ૪% |

(૨) ઠરાવમાં દર્શાવેલ ક્રમ-૧ થી ૧૧ ની જોગવાઈ લાગુ પાડવામાં આવેલ છે.

(૩) સિન્ડીકેટની તા.૧૫/૦૭/૨૦૧૬ ની સભાના ઠરાવ નં.૯ નીચે મુજબ છે.
"આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે સરકારશ્રી દ્વારા વખતો વખત જે મોંઘવારી ભથ્થાનો ઠરાવ થાય તે સ્વીકારવા માનનીય કુલપતિશ્રીને સતા આપવી."

(૪) સિન્ડીકેટની તા.૨૪/૦૩/૧૯૭૮ની સભામાં (ઠરાવ નં.૧,પેટા-૧૭) નીચે મુજબ છે.
"સરકારશ્રી તરફથી જયારે જયારે મોંઘવારી ભથ્થાના દરમાં વધારો કરવાનો ઠરાવ યુનિવર્સીટીમાં આવે કે તુરત જ તેનો અમલ કરવો અને સિન્ડીકેટની જાણ માટે મુકવું."

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યની નોંધ લેવામાં આવી.**

૨૧ મહેકમ-બ ગુજરાત સરકારશ્રીના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક:બનશ-૧૦૨૦૧૩/જીઓઆઈ/૧૦/ચ, તા.૧૭/૧૦/૨૦૧૭ના ઠરાવ અનુસાર યુનિવર્સીટીમાં રૂ.૧૫૭૦૦-૫૦૦૦૦,આઈએસ-૧, આઈએસ-૨ અને આઈએસ-૩ ના પગાર ધોરણમાં સેવા બજાવતા વર્ગ-૪ના કર્મચારીઓને સને ૨૦૧૬-૨૦૧૭ ના હિસાબી વર્ષ માટે ૩૦ (ત્રીસ) દિવસનું બોનસ ચુકવ્યા અંગેની નોંધ લેવા બાબત.

**નોંધ:- (૧)** ગુજરાત સરકારશ્રીના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક:બનશ-૧૦૨૦૧૩/જીઓઆઈ/૧૦/ચ, તા.૧૭/૧૦/૨૦૧૭ના ઠરાવ અનુસાર યુનિવર્સીટીમાં રૂ.૧૫૭૦૦-૫૦૦૦૦,આઈએસ-૧, આઈએસ-૨ અને આઈએસ-૩ ના પગાર ધોરણમાં સેવા બજાવતા વર્ગ-૪ના કર્મચારીઓને સને ૨૦૧૬-૨૦૧૭ ના હિસાબી વર્ષ માટે ૩૦ (ત્રીસ) દિવસનું બોનસ ચૂકવવા ઠરાવ થયેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યની નોંધ લેવામાં આવી.**

૨૨ મહેકમ-બ સરકારશ્રીના સામાન્ય વિભાગનાં તા.૧૮/૧૦/૨૦૧૭નાં જાહેરનામાં ક્રમાંક:ગસ-૨૦૧૭-૩૦-જસર-૧૦૨૦૧૭-૧૩૧૪-ઘ થી બહાર પડેલ વર્ષ -૨૦૧૮ની જાહેર તથા મરજીયાત રજાઓ યુનિવર્સીટીનાં તમામ શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ તથા યુનિવર્સીટી સંલગ્ન કોલેજો અને માન્ય સંસ્થાનાં કર્મચારીઓ માટે સિન્ડીકેટની બહાલીની અપેક્ષાએ જાહેર કરવાના માન.કુલપતિશ્રીનાં કાર્યને બહાલી આપવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

**(નોંધ: ઉપરોકત બાબત પરિશિષ્ટ "૧૦" તરીકે આ સાથે સામેલ છે)**

૨૩ મહેકમ-બ યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્રમાં પાર્ટ ટાઈમ ફિક્સ પગારમાં તબીબી અધિકારી તરીકે ફરજ બજાવતા ડો.એન.ડી.અગ્રાવતનું માસિક ફિક્સ મહેનતાણું વધારવા અંગે વિચારણા કરવા બાબત.

નોંધ:- (૧) ડો.એન.ડી.અગ્રાવતને કાર્યાલય આદેશ નં.મહેકમ/બ/૬/૮૬૮/૨૦૧૫, તા.૨૬/૧૦/૨૦૧૫ ના આદેશ મુજબ તા.૦૧/૧૧/૨૦૧૫ થી રૂ.૧૫૦૦૦/- માસિક ફિક્સ મહેનતાણું મંજુર કરવામાં આવેલ છે.

(૨) સિન્ડીકેટની તા.૦૧/૧૦/૨૦૧૫ની સભાના ઠરાવ નં.૧૩ થી નીચે મુજબ ઠરાવ થયેલ છે.
"આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સીટી આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા પાર્ટ ટાઈમ તબીબી અધિકારીનું માસિક ફિક્સ મહેનતાણું રૂ.૧૨,૦૦૦/- થી માસિક ફિક્સ મહેનતાણું રૂ.૧૫૦૦૦/- કરવું અને તેનો અમલ તા.૦૧/૧૧/૨૦૧૫ થી કરવો.

(૩) ડો.એન.ડી.અગ્રાવતની મુદત લંબાવવા બાબતે સિન્ડીકેટની તા.૨૩/૦૩/૨૦૧૫ની સભાના ઠરાવ નં.૨૨ થી નીચે મુજબ ઠરાવ થયેલ છે.
"આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.
આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે નિયમિત જગ્યા ભરવા માટે કાર્યવાહી કરવી અને ત્યાં સુધી ડો.નરેન્દ્ર ડી. અગ્રાવતની નિમણુંકની મુદત લંબાવવા માટે માનનીય કુલપતિશ્રીને સતા આપવી."

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સીટી આરોગ્ય કેન્દ્રમાં ફરજ બજાવતા પાર્ટ ટાઈમ તબીબી અધિકારીનું માસિક ફિક્સ મહેનતાણું રૂ.૧૫,૦૦૦/- થી માસિક ફિક્સ મહેનતાણું રૂ.૨૦,૦૦૦/- કરવું અને તેનો અમલ તા.૦૧/૦૪/૨૦૧૮ થી કરવો.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે યુનિવર્સીટી આરોગ્ય કેન્દ્રમાં તબીબી અધિકારીની નિયમિત જગ્યા ન ભરાય તો તે સંજોગોમાં ૩ વર્ષ પછી માસિક ફિક્સ મહેનતાણા સંદર્ભમાં પુનઃવિચારણા કરવી.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે આરોગ્ય કેન્દ્રમાં તબીબી અધિકારીશ્રીની નિયમિત નિમણૂંક થાય અથવા ૦૩ વર્ષ સુધી બે પૈકી જે વહેલું હોય ત્યાં સુધી ડો.નરેન્દ્ર ડી. અગ્રાવતની મુદ્દત વધારવી.**

૨૪ નવી વર્ધિત પેન્શન યોજના અંગે (૧) અગાઉ ઘડવામાં આવેલ સ્ટેચ્યુટ-૨૨૦ રદ કરી
મહેકમ-બ નવેસરથી સ્ટેચ્યુટ-૨૨૦ ઘડવા બાબત તથા (૨) નવી વર્ધિત પેન્શન યોજના હેઠળના કર્મચારીઓ/અધિકારીઓને મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેચ્યુઈટીનો લાભ આપવા બાબતે સ્ટેચ્યુટ-૨૨૦ ***A*** ઘડવા બાબત.

નોંધઃ- (૧) ગુજરાત સરકારશ્રીના નાણાં વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃ નપન-૨૦૦૩-જીઓઆઈ-૧૦-પી મુજબ તા.૦૧/૦૪/૨૦૦૫ના રોજથી કે ત્યારબાદ નિમણુંક પામનાર કર્મચારીઓ/અધિકારીઓને (શૈક્ષણિક અને બિન શૈક્ષણિક) નવી નક્કી કરેલ વર્ધિત પેન્શન યોજના ***(New Defined Contributory Pension Scheme)*** ફરજીયાત રીતે લાગુ પડે છે. આ ઠરાવમાં આ યોજના સંદર્ભે કરવામાં આવેલ જોગવાઈઓ દર્શાવવામાં આવેલ છે.

આ યુનિવર્સીટીમાં તા.૦૧/૦૪/૨૦૦૫ના રોજ કે ત્યારબાદ નિમણુંક પામેલ કે પામનાર કર્મચારીઓને ઉક્ત નવી વર્ધિત પેન્શન યોજના ***(New Defined Contributory Pension Scheme)*** લાગુ પાડવા માટે તા.૦૨/૧૨/૨૦૦૬ ના રોજ મળેલ સેનેટની ખાસ સભામાં સ્ટેચ્યુટ-૨૨૦ નીચેના સ્વરૂપે મંજુર કરવામાં આવેલ છે.

***Statute-220*** (જે ઘડવામાં આવેલ છે)

*Notwithstanding anything contained elsewhere for the University employees who has joined the service of this University as a new employee after 1-4-2005 shall be governed under the New Defined Contribution Pension Scheme according to the provision of Government Resolution No.NPN-2004-GOI-10-P Dt.18-3-2005 and as amended by Government of Gujarat from time to time. For the purpose of this Statute,the provision of Statute No.159,160,161,162,163,164,165,,165-A,166,167, 167-A,168,169, 170,171,172,173,218,and 219 be modified accordingly.*

ઉપર્યુક્ત સ્ટેચ્યુટ મંજુર કરવા માટે અત્રેથી માનનીય કુલાધિપતિશ્રીને દરખાસ્ત કરવામાં આવેલ છે. આ અંગેની છેલ્લી સ્થિતિ મુજબ માનનીય કુલાધિપતિશ્રીના કાર્યાલયમાંથી તા.૧૫/૧૦/૨૦૧૨ના પત્રથી અગ્રસચિવશ્રી,શિક્ષણ વિભાગ,ગાંધીનગરનો અભિપ્રાય માંગવામાં આવેલ છે.

ઉપરની હકીકતે હજુ સુધી ઉક્ત સ્ટેચ્યુટમંજુર થયેલ નથી. અત્રેથી તૈયાર કરવામાં આવેલ ઉપર્યુક્ત સ્ટેચ્યુટ-૨૨૦ માં જે સ્ટેચ્યુટ-૧૫૯,૧૬૦,૧૬૧,૧૬૨,૧૬૩,૧૬૪,૧૬૫,૧૬૫-એ,૧૬૬,૧૬૭,૧૬૭-એ,૧૬૮, ૧૬૯,૧૭૦,૧૭૧,૧૭૨,૧૭૩,૨૧૮ અને ૨૧૯માં તે મુજબ સુધારા કરવાનું સૂચવવામાં આવેલ છે પરંતુ આ સ્ટેચ્યુટસ તેના હેતુ માટે સ્વતંત્રતા ધરાવે છે અને તેથી તે નવી નક્કી કરેલ વર્ધિત પેન્શન યોજના ***(New Defined Contributory Pension Scheme)*** સાથે સુસંગત થતું નથી, કારણકે ઉક્ત સ્ટેચ્યુટમાં તા.૦૧/૦૪/૨૦૦૫ પહેલા પરંતુ તા.૧૯/૦૨/૧૯૮૫ સુધીમાં યુનિવર્સિટીની નોકરીમાં જોડાયા છે. તેઓ માટે પ્રોવિડન્ટ ફંડ,ગ્રેચ્યુઈટી,લોન,અંતિમ ઉપાડ, જૂની પેન્શન સ્કીમ ઈત્યાદી માટે જોગવાઈઓ કરવામાં આવેલ છે. તેથી તેમાં નવી વર્ધિત પેન્શન યોજનાના સંદર્ભ સુધારા થઇ શકે નહી કારણ કે આ નવી વર્ધિત પેન્શન યોજના બિલકુલ નવા સ્વરૂપની છે જેમાં સ્તર-૧ ***(Tier-I)*** અને સ્તર-૨ ***(Tier-II)*** મુજબ ફાળાની જોગવાઈ કરવામાં આવી છે.

સ્તર-૧ માં ફાળો આપવો ફરજીયાત છે. જયારે સ્તર-૨ વૈકલ્પિક અને કર્મચારીઓના સ્વવિવેક પર આધારિત છે. ઉપરાંત સ્તર-૨ ની પદ્ધતિ હમણાં ચાલુ કરવામાં આવશે નહી તેવું ઉપર્યુક્ત ઠરાવમાં દર્શાવવામાં આવેલ છે.

ઉપરની વિગતે તા.૦૨/૧૨/૨૦૦૬ના રોજ મળેલ સેનેટની સભામાં ***Statute-220*** જે સ્વરૂપે થયેલ છે, તેમાં સૂચવવામાં આવેલ સ્ટેચ્યુટ નં.૧૫૯,૧૬૦,૧૬૧,૧૬૨,૧૬૩,૧૬૪,૧૬૫,૧૬૫-એ,૧૬૬,૧૬૭,૧૬૭-એ,૧૬૮,૧૬૯, ૧૭૦,૧૭૧,૧૭૨,૧૭૩,૨૧૮ અને ૨૧૯ માં સુધારા કરવા જરૂરી નથી. આથી સ્ટેચ્યુટ-૨૨૦ નીચે મુજબ ઘડવાનો રહે.

***Statute-220*** (જે ઘડવાપાત્ર થાય છે)

*Notwithstanding anything contained elsewhere for the University employees both teaching and non-teaching who have joined the service of this University as a new employee on or after 1-4-2005 shall be governed under the New Defined Contributory Pension Scheme according to the provision of Government Resolution No.NPN-2003-GOI-10-P Dt.18-3-2005 and as amended by the Government of Gujarat from time to time.*

ઉપરની હકીકતે માનનીય કુલાધિપતિશ્રીને મોકલવામાં આવેલ સ્ટેચ્યુટ-૨૨૦ રદ કરવાનો થાય અને ઉપર દર્શાવ્યા મુજબ સ્ટેચ્યુટ-૨૨૦ ઘડવાનો થાય.

(૨) બાદમાં સરકારશ્રીના નાણા વિભાગના તા.૨૪/૧૦/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:નપન-૨૦03-જીઓઆઈ-૧૦ -પી થી રાજ્ય સરકારના નવી વર્ધિત પેન્શન યોજના ***(NPS)*** હેઠળના કર્મચારીઓ/અધિકારીઓને મૃત્યુ-સહ-નિવૃત્તિ ગ્રેજ્યુઈટીનો લાભ આપવા જોગવાઈ કરવામાં આવેલ છે.

ઉપર્યુક્ત જોગવાઈનો લાભ આ યુનિવર્સીટીના શૈક્ષણિક અને બિન શૈક્ષણિક કર્મચારીઓ કે જેઓને નવી વર્ધિત પેન્શન યોજના ***(NPS)*** હેઠળ નિમણુંક આપવામાં આવેલ છે તેઓને મળવાપાત્ર બને.

આ અંગેનો પણ નવો સ્ટેચ્યુટ ઘડવાનો રહે જે સ્ટેચ્યુટ -૨૨૦ ***A*** નીચે પ્રમાણે ઘડવાનો થાય.

***STATUTE 220 A***

*The employees of this University both teaching and non-teaching who have joined the service on or after 01-04-2005 under New Defined Contribution Pension Schem shall be governed by the Death cum Retirement Gratuity according to the provision of Government Resolution of Finance Department No.NPN-2003-GOI-10-P, Dt.20-10-2017 and as amended by Government of Gujarat from time to time.*

**આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત દર્શાવ્યાનુસાર Statute 220 સુધારવા અને નવા Statute 220 A મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.**

૨૫ મહેકમ-બ

શ્રી ડી.આર.દાનેવારીયા તથા અન્ય ૬ મળીને કુલ - ૭ કર્મચારીઓ (માળી તથા હેલ્પર)ની નિમણુંક અને નિવૃત્તિના લાભો અંગે નામદાર ગુજરાત હાઇકોર્ટના ચુકાદાના સંદર્ભે જરૂરી મંજૂરી આપવા અંગેની યુનિવર્સિટીની દરખાસ્ત સરકારશ્રીના શિક્ષણ વિભાગ દ્વારા નામંજુર કરવામાં આવેલ છે તેથી તે અંગે વિચારણા કરવા બાબત.

**નોંધ : ૧** આ યુનિવર્સિટીમાં માળી તરીકે ફરજ બજાવતા કર્મચારી શ્રી ડી.આર.દાનેવારીયા તથા અન્ય ૬ મળીને કુલ ૭ કર્મચારીઓએ હેલ્પર અને માળીની જગ્યા બાબતે અને તેઓને નિવૃત્તિના લાભો મેળવવા માટે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં એસ.સી.એ.નં.૩૬૧૫/૨૦૧૪ થી રીટ-પીટીશન દાખલ કરેલ હતી.

આ બાબતે નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા તા.૧૨/૦૭/૨૦૧૭ થી ચુકાદો આપવામાં આવેલ છે. આ ચુકાદામાં મુદ્દા નં.૨ માં નામદાર ઇન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલ, રાજકોટના તા.૨૭/૦૧/૧૯૯૮ના એવોર્ડનો નીચે પ્રમાણે ઉલ્લેખ કરવામાં આવેલ છે.

" The Saurashtra University, Rajkot is directed to make the present workmen permanent from the date they had completed their service of three years. They shall also be given relevant pay scale from that date, and fixation

shall be carried out, but nationally up to 13.12.1996 and from 1.01.1997, they shall be paid arrears of pay and allowances after deducting the wages already drawn by them during that period. The University shall also pay Rs.500/- by way of costs to the union."

ઉપરાંત મુદ્દા નં.૬ માં નીચે પ્રમાણે હુકમ કરવામાં આવેલ છે.

" In view of the above, this petition is allowed. All the respondents are directed to comply with the order dated 27.01.1998 passed by the Tribunal, within a period of one month from the date of receipt of the copy of this order. The present petition stands disposed of. Notice is discharged. "

૨. સરકારશ્રીના નાણા વિભાગના તા.૧૧/૦૪/૨૦૦૫ના પરિપત્ર નં.પરચ-૨૦૦૩/ડી-૨૪૨/પી માં દર્શાવેલ સૂચનાઓ ધ્યાને લઈને નામદાર ગુજરાત હાઇકોર્ટના ઉપર્યુક્ત ચુકાદાના સંદર્ભે અત્રેથી નીચેના પત્રોથી ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી/શિક્ષણ વિભાગ, ગાંધીનગરને જરૂરી મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ હતી.

(૧) પત્ર નં.મહેકમ/બ/૨/૨૭૪/૨૦૧૭, તા.૨૦/૦૭/૨૦૧૭

(૨) પત્ર નં.મહેકમ/બ/૨/૪૦૫/૨૦૧૭, તા.૧૨/૦૯/૨૦૧૭

(૩) પત્ર નં.મહેકમ/બ/૨/૫૮૨/૨૦૧૭, તા.૧૪/૧૦/૨૦૧૭

૩. ઉક્ત બાબતે સરકારશ્રીના શિક્ષણ વિભાગ તરફથી તા.૧૫/૦૧/૨૦૧૮નો પત્ર નં.સરચ-૨૩૧૭-૧૪૪-ખ-૨ આવેલ છે. આ પત્રમાં નીચે પ્રમાણે દર્શાવવામાં આવેલ છે

શ્રી ધનાભાઇ આર. દાનેવારીયા અને અન્ય ૬ (નીચે દર્શાવેલ ટેબલ) ના કેસમાં આપની યુનિવર્સિટીના અધિકારી સાથે ચર્ચા થઇ છે. આપની યુનિવર્સિટીએ વહીવટી ક્ષતિ કરી આ કર્મચારીઓને સરકારની પરવાનગી વગર નિમણુંક આપી હતી તેની જવાબદારી રાજ્ય સરકાર સ્વીકારી શકે નહિ. તેથી આપની યુનિવર્સિટી કક્ષાએથી આગળની કાર્યવાહી કરવી. હવેથી કોઈ મંજૂરી આપવાની રહેતી નથી.

| ક્રમ | નામ | જગ્યાનું નામ |
|---|---|---|
| ૧. | શ્રી એમ.બી.ભટ્ટી | હેલ્પર |
| ૨. | શ્રી એચ.જે.નંદાણીયા | હેલ્પર |
| ૩. | શ્રી જે.સી.મકવાણા | હેલ્પર |
| ૪. | શ્રી કે.જી.પાનસોરા | હેલ્પર |
| ૫. | શ્રી જે.એમ.જોશી | હેલ્પર |
| ૬. | શ્રી ધનાભાઇ રણછોડભાઈ દાનેવારીયા | માળી |
| ૭. | શ્રી શામજી મોહન રાઠોડ | માળી |

૪. રાજ્ય સરકારશ્રીના નિર્ણય અનુસારનો અમલ એ નીતિ વિષયક બાબત છે અને તેનાથી યુનિવર્સિટીના સ્વભંડોળમાંથી નિવૃત્તિના લાભો ઈત્યાદી ચૂકવવા પડે.

**આથી ઠરાવવામાં આવે છે કે કર્મચારીઓને નિવૃત્તિના લાભો આપવા માટેની કોઈ જોગવાઈ યુનિવર્સિટી પાસે ન હોય અને જોગવાઈ થઈ શકે તેમ પણ ન હોઈ માન.રાજ્ય સરકારશ્રીને પુનઃવિચારણા માટે દરખાસ્ત કરવી.**

૨૬ મહેકમ-બ સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૨૪/૦૫/૧૯૯૪ના પેકેજ યોજના અંગેના ઠરાવથી યુનિવર્સિટીએ ભરેલ અમાન્ય ૩૯ જગ્યાઓને નિયમિત કરવાની મંજૂરી આપેલ છે. તે જગ્યા પરના ૧૪ કર્મચારીઓની સેવાઓ વિનિયમિત કર્યા અંગેના કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

નોંધ : ૧ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટની નાણાંકીય પરિસ્થિતિ બાબતમાં સરકારશ્રી દ્વારા નિમવામા આવેલ સમિતિના અહેવાલ અન્વયે સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૨૪/૦૫/૧૯૯૪ના ઠરાવ નં.સરચ-૧૩૯૩-એમ-૪૮૯-(૪૮/૯૩)-ખ થી પેકેજ યોજના મંજુર કરવામાં આવેલ હતી.

ઉક્ત સમિતિની આ યુનિવર્સિટીની રૂબરૂ મુલાકાત વખતે યુનિવર્સિટીની માન્ય - ૪૪ ખાલી જગ્યાઓની યાદી તથા યુનિવર્સિટીએ ભરેલી અમાન્ય ૩૯ જગ્યાઓની અને તે જગ્યાઓ ઉપર ફરજ બજાવતા કર્મચારીઓની યાદી આપવામાં આવેલ હતી. આ ૩૯ જગ્યાઓ પૈકી ૧૪ જગ્યાઓ ઉપર એડહોક ધોરણે કર્મચારીઓ ફરજ બજાવતા હતા.

પેકેજ યોજના અંગેના સરકારશ્રીના ઉપર્યુક્ત ઠરાવથી ૪૪ માન્ય જગ્યાઓ રદ્દ કરીને યુનિવર્સિટીએ ભરેલ અમાન્ય ૩૯ જગ્યાઓને નિયમિત કરવાની મંજૂરી આપવામાં આવેલ છે.

૨. એડહોક ધોરણે આસિસ્ટન્ટ (જુનિયર ક્લાર્ક) તરીકે નિમણુંક પામેલ કર્મચારી શ્રી એચ.ડી.દવેને વય મર્યાદાને કારણે તા.૧૧/૧૧/૨૦૧૫ના રોજ મુક્ત કરવામાં આવેલ હતા. તેમણે નામદાર ગુજરાત હાઇકોર્ટમાં સ્પે.સી.એ.નં.૧૯૨૭૬/૨૦૧૫ થી તેમને પેન્શન તેમજ નિવૃત્તિના લાભો મેળવવા માટે રીટપીટીશન કરેલ હતી. આ પીટીશનનો નામદાર ગુજરાત હાઇકોર્ટનો ચુકાદો તા.૨૬/૦૭/૨૦૧૭ ના રોજ આવેલ હતો.

નામદાર હાઇકોર્ટના તા.૨૬/૦૭/૨૦૧૭ના ચુકાદામાં મુદ્દા નં.૧૪માં નીચે પ્રમાણે હુકમ કરેલ છે.

*14. In view of the foregoing discussion, this petition is allowed. The petitioner is held entitled to pension and all other benefits which are payable to the regularly selected employees. The respondents- State is directed that all such payment be made within a period of one month from the date of receipt of copy of this order. However, there will be no order as to interest or costs. Rule made absolute to the aforesaid extent.*

નામદાર ગુજરાત હાઇકોર્ટના ઉપર્યુક્ત ચુકાદાના સંદર્ભે જરૂરી મંજૂરી આપવા ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી / શિક્ષણ વિભાગ, ગાંધીનગરને અત્રેથી દરખાસ્ત કરવામાં આવેલ હતી.

સરકારશ્રીના શિક્ષણ વિભાગ તરફથી આ કાર્યાલયને જે પત્રો પાઠવવામાં આવેલ છે તેમાં ૧૯૯૪ની પેકેજ યોજના સંદર્ભે નીચે મુજબ પણ ઉલ્લેખ કરવામાં આવેલ છે.

**૧. તા.૧૯/૧૨/૨૦૧૭ના પત્ર નં.સરચ/૨૩૧૭/૧૩૯/ખ-૨**

" ૧૯૯૪ની "પેકેજ યોજના" બાદ યુનિવર્સિટી સત્તા મંડળ અમાન્ય ભરતી કરેલા સ્ટાફને કઈ રીતે રેગ્યુલરાઈઝ કરવામાં / સરકારશ્રીની મંજૂરી લેવામાં ભૂલી ગયું તે કાગળો પરથી ક્યાંય સ્પષ્ટ થતું નથી. "

**૨. તા.૦૨/૦૧/૨૦૧૮ના પત્ર નં.સરચ/૨૩૧૭/૧૩૯/ખ-૨**

" યુનિવર્સિટી દ્વારા વિભાગને રજુ કરવામાં આવેલ રેકર્ડ પરથી ફલિત થાય છે કે વિભાગના તા.૨૪/૦૫/૧૯૯૪ના ઠરાવ દ્વારા વિભાગે યુનિવર્સિટીને ૪૪ માન્ય જગ્યાઓ સાથે ૩૯ અમાન્ય જગ્યાઓની મંજૂરી આપેલ હતી અને આ દ્વારા પેકેજ યોજનાનો સ્વીકાર કરેલ હતો. છતાં યુનિવર્સિટીએ પોતાની કક્ષાએથી અમલવારી નહિ કરીને કર્મચારીઓને વાસ્તવિક રીતે રાજ્ય સરકારના નિર્ણયનો લાભ ન આપીને વંચિત રાખેલ હતા તેવું કોર્ટ પીટીશનમાં નોંધ્યું છે. "

**૩. તા.૧૫/૦૧/૨૦૧૮ના પત્ર નં.સરચ/૨૦૧૭/૧૩૯/ખ-૨**

" શ્રી એચ.ડી.દવે (નિવૃત્ત આસિસ્ટન્ટ) ને આપની યુનિવર્સિટીએ વહીવટી ક્ષતિ કરી સરકારની પરવાનગી વગર નિમણુંક આપી હતી. તા.૨૪/૦૫/૧૯૯૪ના ઠરાવ અંતર્ગત સરકારશ્રીએ ૪૪ માન્ય જગ્યાઓ સામે ૩૯ અમાન્ય જગ્યાઓને મંજૂરી આપી હતી. તેથી નામદાર હાઇકોર્ટના આદેશ મુજબ આગળની કાર્યવાહી આપની યુનિવર્સિટી કક્ષાએથી સત્વરે કરવાની રહે છે. અહીંથી કોઈ મંજૂરી આપવાની રહેતી નથી. "

૩. ઉપર્યુક્ત હકીકતે માનનીય કુલપતિશ્રીના આદેશથી પ્રથમ શ્રી એચ.ડી.દવેની સેવાઓ જોડાયા તારીખથી વિનિયમિત કરવામાં આવેલ અને તેમનો પગાર ચકાસણી અંગેનો કેઈસ સરકારશ્રીના પગાર ચકાસણી એકમ, ગાંધીનગરને મોકલવામાં આવેલ, જે મંજુર કરવામાં આવેલ છે.

૪. બાદમાં એડહોક ધોરણે નિમણુંક પામેલ બાકીની જુદી-જુદી જગ્યાઓ ઉપર ફરજ બજાવતા ૧૩ કર્મચારીઓની માન્ય કુલપતિશ્રીના આદેશથી તેઓની જોડાયા તારીખથી રાજ્ય સરકારશ્રીના પગાર ચકાસણી એકમ, ગાંધીનગર દ્વારા પગાર ચકાસણી માન્ય થવાની શરતે તેઓની સેવાઓ વિનિયમિત કરવામાં આવેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

૨૭ મહેકમ-બ સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૨૩/૦૮/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:સરચ-૧૨૧૬-૩૦૯-ખ-૨ થી આ યુનિવર્સિટીના બિનશૈક્ષણિક કર્મચારીઓને પરિશિષ્ટ-અ માં દર્શાવ્યા મુજબ ૭૪ સંવર્ગની ૧૬૩ કાયમી નિયમિત પગાર ધોરણની ભરેલી જગ્યાઓ તથા ૪૪ જાહેરાત આપેલ જગ્યાઓ, રજીસ્ટ્રારની એક (૧) અને સિનીયર આસિસ્ટન્ટની બઢતીથી ભરવાપાત્ર એક (૧) જગ્યા મળીને કુલ ૨૦૯ જગ્યાઓને ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો-૨૦૧૬ અનુસાર તા.૦૧/૦૧/૨૦૧૬ થી સ્કેલ ટુ સ્કેલને ધોરણે કેન્દ્રિય સાતમાં પગારપંચ મુજબના સુધારેલ પગાર ધોરણો આપ્યા અંગેના માનનીય કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

નોંધ : **<u>શરતો :</u>**

**(૧)** ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૧૬ અનુસાર અને તેની જોગવાઈઓને આધીન તા.૦૧-૦૧-૨૦૧૬ થી 'સ્કેલ ટુ સ્કેલ' ને ધોરણે પગાર સુધારણાનો લાભ મળવાપાત્ર થશે.

**(૨)** સરકાર/નાણા વિભાગની મંજૂરી મેળવીને વહીવટી વિભાગના ઠરાવ હેઠળ જેટલી જગ્યાઓને સ્કેલ ટુ સ્કેલ ના ધોરણે છઠ્ઠા પગાર પંચ મુજબ પગાર સુધારણા મંજુર કરવામાં આવેલ છે તે જગ્યાઓ અને ત્યારબાદ રાજ્ય સરકારની મંજૂરીથી નિયમિત પગાર ધોરણમાં ઉભી કરવામાં આવેલ પરિશિષ્ટ-અમાં દર્શાવેલ ૧૬૩+૪૫=૨૦૮ તેમજ રજીસ્ટ્રારની મંજુર થયેલ ૦૧ જગ્યા એમ કુલ મળી ૨૦૯ જગ્યાઓને સાતમાં પગાર પંચ મુજબની પગાર સુધારણાનો લાભ મળવાપાત્ર થશે. ૪૪ જગ્યાઓ ભરવાની મંજૂરી આપવામાં આવેલ છે તે જગ્યાઓ પર નિમણુંકની તારીખથી પગાર

સુધારણા મંજુર કરવાની રહેશે. બાકીની ૧૩૬ જગ્યાઓ પૈકી ૨૩ એડહોક જગ્યાઓ બાદ કરતા બાકી રહેતી ૧૧૩ જગ્યાઓ રદ્દ કરવાની રહેશે અને રદ્દ કર્યા અંગેના વિધિસર હુકમો કરવાના રહેશે. જરૂર જણાયે પુનઃનાણા વિભાગના પરામર્શમાં જગ્યા ઉભી કરી શકાશે. આઉટસોર્સિંગથી ભરવાની મંજૂરી આપેલ જગ્યાઓ યુનિવર્સિટીએ જરૂરિયાત મુજબ પોતાની રીતે આઉટ સોર્સિંગથી ભરવાની રહેશે.

**(૩)** પરિશિષ્ટ-અમાં દર્શાવેલ ૭૩ સંવર્ગની ૧૬૩ તથા ૧૮ સંવર્ગની ૪૪ જાહેરાત આપેલ જગ્યાઓ ઉપરાંત રજીસ્ટ્રાર ૧ જગ્યા અને સિનીયર આસિસ્ટન્ટની બઢતીથી ભરવાપાત્ર ૧ (એક) જગ્યા સિવાયના કોઇપણ સંવર્ગ/જગ્યાને સાતમાં પગાર પંચનો લાભ આપી શકશે નહિ. જે જગ્યાઓ યુનિવર્સિટી દ્વારા સરકારની મંજૂરી વગર ભરવામાં આવેલ છે તેવી ૨૩ જગ્યાઓ અંગે યુનિવર્સિટી દ્વારા જરીરી સ્પષ્ટતા સાથે પુનઃ દરખાસ્ત કરવાની રહેશે. સરકારની પૂર્વ મંજૂરી વગર તે જગ્યાઓને પગાર સુધારણા મંજુર કરી શકાશે નહિ.

**(૪)** અનુદાનિત યુનિવર્સિટી દ્વારા સરકારની મંજૂરી વગર ઉભી કરવમાં આવેલ કે ભરવામાં આવેલ જગ્યાઓ, કરાર આધારે ભરેલ કે ફિક્સ પગારથી ભરેલ જગ્યાઓને પગાર સુધારણાનો લાભ મળવાપાત્ર થશે નહિ કે તે જગ્યાઓને અનુદાનિત જગ્યાઓમાં તબદીલ કરી શકાશે નહી. યુનિવર્સિટી દ્વારા સ્વભંડોળમાંથી વેતન ચુકવવામાં આવતું હોય તેવી જગ્યાઓને પગાર સુધારણા મંજુર કરવા અંગે યુનિવર્સિટીએ નિર્ણય કરવાનો રહેશે. પરંતુ રાજ્ય સરકાર દ્વારા કોઈ અનુદાન આપવાનું રહેશે નહી. અલબત નાણા વિભાગના તા.૧૬.૦૨.૨૦૦૬ના ઠરાવથી નિયત થયેલ નીતિ હેઠળ પાંચ વર્ષ સુધી ફીક્સ પગાર અને ત્યારબાદ નિયત પગાર ધોરણની યોજના હેઠળ સરકારની મંજૂરીથી ઉભી થયેલ અને સરકારની મંજૂરીથી ભરવામાં આવેલ જગ્યાઓને, અનુદાનિત મહેકમની જગ્યાઓની મર્યાદામાં, નિયત વર્ષોની ફીક્સ પગારની સેવા પૂર્ણ થયેથી આ પગાર સુધારણાનો લાભ મંજુર કરી શકાશે.

**(૫)** રાજ્ય સરકારના નિર્ણય અનુસાર ખરેખર પગાર સુધારણા તા.૦૧.૦૮.૨૦૧૭ થી મળવાપાત્ર થશે એટલે કે પગારમાં મળવાપાત્ર થશે. તા.૦૧.૦૧.૨૦૧૬ થી તા.૩૧.૦૭.૨૦૧૭ સુધીના સમયગાળાની પગાર તફાવતની રકમ આ અંગે રાજ્ય સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવે ત્યાર બાદ જ મળવાપાત્ર થશે.

(૬) રાજ્ય સરકારના નિર્ણય અનુસાર અધિકારી/કર્મચારીઓને મળવાપાત્ર ભથ્થા વિધમાન છઠ્ઠા પગાર પંચ મુજબના પગાર ઉપર અને મળવાપાત્ર દર મુજબ જ મળવાપાત્ર થશે.

(૭) સાતમાં પગાર પંચને સંબંધિત રાજ્ય સરકાર દ્વારા રાજ્ય સરકારના કર્મચારીઓ માટે જે ઠરાવ બહાર પાડવામાં આવેલ છે તે ઠરાવોની જોગવાઈઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સંસ્થા પોતાની સત્તાની રૂએ કોઈ છૂટછાટ આપી શકાશે નહિ.

(૮) રાજ્ય સરકારની મંજૂરી વિના હવે પછી કોઈ જગ્યા ઠરાવ કરીને ઉભી કરી શકશે નહિ અને તેના સાતમા પગાર પંચ મુજબનો પગાર/પગાર સુધારણા મંજુર કરી શકશે નહી. રાજ્ય સરકારની મંજૂરીથી ઉભી કરવામાં આવેલ જગ્યાઓ નિયત ભરતી નિયમોની જોગવાઈઓ અને નિયત ભરતી પ્રક્રિયા અનુસાર જ ભરવાની રહેશે. સામાન્ય રીતે રાજ્ય સરકારમાં અમલમાં રહેલ નિયમો, શૈક્ષણિક લાયકાત અને લઘુતમ અનુભવના ધોરણો અનુસાર જ ભરતી / બઢતી આપવાની રહેશે તથા રાજ્ય સરકારના સેવા અને વર્ગીકરણના નિયમો અનુસાર નીચલી જગ્યાના લઘુતમ અનુભવના માપદંડને અનુસરવાનો રહેશે.

(૯) રાજ્ય સરકાર દ્વારા મંજુર કરવામાં આવેલ જગ્યાઓ પર યુનિવર્સિટી દ્વારા નિયત ભરતી પ્રક્રિયા દ્વારા ભરેલ જગ્યાઓને જ સાતમા પગારપંચ મુજબ પગાર સુધારણાનો લાભ મળવાપાત્ર થશે. તે સિવાયની જગ્યાઓ માટે રાજ્ય સરકારની જવાબદારી રહેશે નહી તથા તે માટે કોઈ અનુદાન (પગાર-ભથ્થા અને નિવૃત્તિ લાભો માટે) રાજ્ય સરકાર દ્વારા ચુકવવામાં આવશે નહી.

(૧૦) ભારત સરકાર અને ગુજરાત સરકારની સૂચનાઓ મુજબ વર્ગ-૩ સંવર્ગની તમામ જગ્યાઓ લેખિત પરીક્ષાથી ભરવાની રહેશે. વોક ઇન ઇન્ટરવ્યુ (સાક્ષાત્કાર કસોટી) દ્વારા જગ્યાઓ ભરી શકાશે નહી. તથા વર્ગ-૨ અને તેની ઉપરની જગ્યાઓમાં પણ પ્રાથમિક કસોટી અને ઇન્ટરવ્યુના ગુણ ધ્યાનમાં લઇ પસંદગી યાદી તૈયાર કરવાની રહેશે. (તા.૧/૧/૨૦૧૬ અને ત્યાર બાદની તમામ જાહેરાત કે જેની પસંદગી પ્રક્રિયા બાકી છે તેમાં ઉક્ત શરત લાગુ પાડવાની રહેશે.)

(૧૧) સાતમા પગાર પંચનો લાભ આપવા માટેની દરખાસ્ત કરવામાં આવેલ જગ્યાઓ પૈકીની જેટલી જગ્યાઓને સાતમા પગાર પંચનો લાભ મંજુર કરવામાં આવેલ છે તે સિવાયની કોઈ પણ જગ્યાને સાતમા પગાર પંચનો લાભ આપી શકાશે નહી. આ માટે સંસ્થા પોતાની સત્તાનો ઉપયોગ કરીને કાર્યવાહી હાથ ધરશે તો તે અંગેની જવાબદારી યુનિવર્સિટીના રજીસ્ટ્રાર/સંબંધિત અધિકારીશ્રીની રહેશે.

(૧૨) યુનિવર્સિટી દ્વારા રાજ્ય સરકારના સેવા વિષયક નિયમો (ઉ.પ.ધો. યોજના સહિત) નું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૩) યુનિવર્સિટી પોતાની સત્તાની રૂએ કોઈપણ જગ્યાઓ ઉભી કરી શકશે નહિ અને કોઈ પણ કર્મચારીની ભરતી કરી શકશે નહિ. નવી ઉભી કરવાપાત્ર જગ્યાઓ માટે તેમજ તેની ભરતી માટે રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી મેળવવાની રહેશે. આ શરતનો અમલ ન કરવામાં આવે તો યુનિવર્સિટીની જવાબદારી રહેશે.

(૧૪) યુનિવર્સિટી દ્વારા રાજ્ય સરકારની કરકસરની નીતિનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૫) યુનિવર્સિટી દ્વારા સરકારશ્રીની મંજૂરીથી ઉચ્ચત્તર પગાર ધોરણની યોજના દાખલ કરવામાં આવેલ હશે, તો છઠ્ઠા પગાર પંચના અમલ બાદ ઉચ્ચત્તર પગાર ધોરણની યોજના અમલમાં મુકવા માટે રાજ્ય સરકારની ફરી વાર મંજૂરી મેળવવામાં આવેલ હશે તો જ તે યોજના અમલમાં રાખી શકાશે. તે સિવાય તેનો અમલ કરી શકાશે નહિ અને કર્મચારીઓને ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર કરી શકાશે નહી.

(૧૬) પાંચમાં પગાર પંચ વખતે રાજ્ય સરકાર દ્વારા સ્પષ્ટ મંજૂરીથી હુકમો કરી અનુદાનિત સંસ્થાના કર્મચારીઓને જે ભથ્થાઓ મંજુર કરેલ છે. તે ઉપરાંત કોઈ વધારાના ભથ્થા ચુકવવાના રહેશે નહિ કે છઠ્ઠા પગાર પંચ મુજબના પ્રવર્તમાન ભથ્થાઓના દરમાં કોઈ વધારો કરવાનો રહેશે નહિ કે વધારાના પ્રોત્સાહન (incentives) / લાભ રાજ્ય સરકારની મંજૂરી વગર આપી શકાશે નહી. સરકારી કર્મચારીઓને મળવાપાત્ર થતા ભથ્થાઓ - લાભ અંગેના હુકમો સીધે સીધા અનુદાનિત સંસ્થાઓના/સંસ્થાઓના કર્મચારીઓને લાગુ પડશે નહી સિવાય કે હુકમોમાં તે અંગે સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવેલ હોય.

(૧૭) યુનિવર્સિટીના તમામ કર્મચારીઓનું આઈ.એફ.એમ.એસ.સિસ્ટમ દ્વારા ફરજીયાતપણે ઓન લાઈન પે-ફિક્સેશન તથા ઓન લાઈન વેરીફીકેશન કરાવવાનું રહેશે. વેરીફીકેશન કરાવવાની જવાબદારી જે તે સંસ્થાના પે ફિક્સેશન કરનાર અધિકારી/ડીડીઓની રહેશે. છઠ્ઠા પગાર પંચ પ્રમાણે કર્મચારીની પગાર બાંધણી કરવામાં આવેલ હોય અને વેરીફીકેશન થયેલ હોય તે કર્મચારીની તમામ વિગતો-બનેલ પ્રસંગો(events) અદ્યતન કરી, ત્યાર બાદ જ સાતમા પગાર પંચ મુજબ પગાર બાંધણી કરવાની રહેશે.

(૧૮) પરિશિષ્ટ-અ માં દર્શાવવામાં આવેલ નામાભિધાન/પગાર ધોરણો પણ યુનિવર્સિટી દ્વારા ચકાસવાના રહેશે અને સ્કેલ ટુ સ્કેલ મુજબ યોગ્ય જણાયે જ પગાર બાંધણી કરવાની રહેશે. તેમાં વિસંગતતા જણાયે પુનઃદરખાસ્ત કરી મંજૂરી મેળવવાની રહેશે.

(૧૯) છઠ્ઠા પગાર પંચ મુજબની પગાર બાંધણીની ચકાસણી સક્ષમ સત્તાધિકારી દ્વારા કરવામાં આવેલ હોય તેવા કર્મચારીઓની જ સાતમા પગાર પંચ પ્રમાણે ઓન લાઈન પગાર બાંધણી કરવાની રહેશે. પગાર બાંધણીની ચકાસણી બાકી હોય તેવા કર્મચારીની સાતમા પગાર પંચ પગાર મુજબ બાંધણી થઇ શકશે નહી. તેવા કર્મચારીની પગાર બાંધણી કરી સાતમા પગાર પંચ મુજબ પગાર આકારવામાં આવશે તો તે અંગે સંબંધિત અધિકારીની જવાબદારી નક્કી કરવાની રહેશે.

(૨૦) યુનિવર્સિટીની કોઈ જગ્યા પોતાની રીતે ભરી હશે તો અથવા ભરશે તો આવી જગ્યાઓને પગાર સુધારણાનો લાભ આપવાનો રહેશે નહી.

(૨૧) તા.૧/૧/૨૦૧૬ના રોજ કે ત્યારબાદ નિવૃત્ત થયેલા અધિકારીઓ/કર્મચારીઓને નિયમાનુસાર સાતમા પગાર પંચ મુજબના પગાર ધોરણ (ગ્રેડ પે ને અનુરૂપ પે મેટ્રીક્સના લેવલમાં મળવાપાત્ર પગાર તથા તે મુજબના નિવૃત્તિ લાભો જો મળવાપાત્ર થતા હશે તો તે ચુકવવાના રહેશે.

૨ યુનિવર્સિટીના કર્મચારી ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમોની જોગવાઈ અનુસાર આ સાથે બિડેલ *Annexure-1* મુજબના વિકલ્પ ફોર્મમાં વિકલ્પ આપવાનો રહેશે તેમજ *Annexure-II* મુજબ બાહેંધરી ખત આપવાનું રહેશે.

૩ આ પગાર સુધારણાની મંજૂરી ઉપર જણાવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાની શરતે આપવામાં આવતી હોઈ આ શરતોનું પાલન થાય તે ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીએ સુનિશ્ચિત કરવાનું રહેશે.

**આથી ઠરાવવામાં આવે છે કે માનનીય કુલપતિશ્રીના ઉપર્યુક્ત કાર્યને બહાલી આપવી.**

નોંધ : સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૨૩/૦૮/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:સરચ-૧૨૧૬-૩૦૯-ખ-૨ પરિશિષ્ટ તરીકે આ સાથે સામેલ છે.

૨૮ પરીક્ષા-૫ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમની કલમ ૧૮ (૧) (VII) ની જોગવાઈ મુજબઆગામી માર્ચ-૨૦૧૮ની સેનેટ સભામાં જે તે વિદ્યાર્થીઓએ પદવી/ડિપ્લોમા પ્રદાન માટે આવેદનપત્રો ભર્યા હોય અને જેઓ પદવી/ડિપ્લોમા મેળવવાને પાત્ર હોય તેવા દરેક વિદ્યાર્થીઓને સ્ટેચ્યુટ–૧૫૮માં દર્શાવેલ પદવી/ડિપ્લોમા હાજર/ગેરહાજરમાં એનાયત કરવા સેનેટને અધિનિયમની કલમ–૧૮ (૧) (VII) અન્વયે ભલામણ કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમ કલમ-૧૮ (૧) (VII) મુજબ તા.૨૫/03/૨૦૧૮નાં રોજ મળનાર સેનેટની સભામાં યોજાનાર પદવીદાન સમારંભમાં જે વિધાર્થીઓએ આવેદનપત્ર ભર્યા હોય અને પદવી/ડીપ્લોમાં મેળવવાને પાત્ર હોય, તેવા દરેક વિધાર્થીઓને સ્ટેચ્યુટ-૧૫૮ માં દર્શાવેલ જે તે પદવી/ડીપ્લોમાં સેનેટ સભામાં હાજર/ગેરહાજરમાં એનાયત કરવા સેનેટને ભલામણ કરવી.**

૨૯ જોડાણ આચાર્યશ્રી, સંસ્કૃતિ મહિલા રક્ષક ટ્રસ્ટ સંચાલિત-એલ.ડી.ધાનાણી આર્ટસ કોલેજ, અમરેલીના વર્ષ:૨૦૧૬-૧૭ની જોડાણ અરજી પર સ્થાનિક તપાસ સમિતિના અહેવાલ પરત્વે સિન્ડિકેટના તા.૨૩/૧૦/૨૦૧૫ ઠરાવ ક્રમાંક:૮ (૨૩૩)માં શરતચૂકથી ટાઈપીંગ મિસ્ટેકને કારણે શૈક્ષણિક વર્ષ:૨૦૧૬-૧૭ના બદલે શૈક્ષણિક વર્ષ:૨૦૧૫-૧૬ એમ ઠરાવ થયેલ છે જે સુધારીને શૈક્ષણિક વર્ષ:૨૦૧૬-૧૭ એમ સુધારો કરવામાં આવેલ છે જેની નોંધ લેવા બાબત.

થયેલ ઠરાવનો સંદર્ભ ભાગ :

"આથી ઠરાવવામાં આવે છે કે, આચાર્યશ્રી/ટ્રસ્ટીશ્રી સંસ્કૃતિ મહિલા રક્ષક ટ્રસ્ટ સંચાલિત-એલ ડી. ધાનાણી આર્ટસ કોલેજ, અમરેલી તરફથી શૈક્ષણિક વર્ષ:૨૦૧૫-૧૬ માટે મળેલ જોડાણ અરજી અને ટે પરત્વેની એકેડમિક કાઉન્સિલની ઉપર જણાવેલ ભલામણ સ્વીકારવી અને યુનિવર્સિટીએ નક્કી કરેલ જોડાણની શરતો તથા સ્થાનિક તપાસ સમિતિએ મુકેલી શરતોનું પરિપાલન તા.૨૦/૦૧/૨૦૧૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે સંસ્થા/કોલેજ કરે તો ઉપર્યુક્ત જોડાણની વિગતે તા.૧૫/૦૬/૨૦૧૫ થી તા.૧૪/૦૬/૨૦૧૬ સુધી એક વર્ષ માટે ચાલુ/વધારાનું જોડાણ આપવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવી."

સુધારેલ ઠરાવનો સંદર્ભ ભાગ :

"આથી ઠરાવવામાં આવે છે કે, આચાર્યશ્રી/ટ્રસ્ટીશ્રી સંસ્કૃતિ મહિલા રક્ષક ટ્રસ્ટ સંચાલિત-એલ ડી. ધાનાણી આર્ટસ કોલેજ, અમરેલી તરફથી શૈક્ષણિક વર્ષ:૨૦૧૬-૧૭ માટે મળેલ અરજી અને ટે પરત્વેની એકેડમિક કાઉન્સિલની ઉઅપર જણાવેલ ભલામણ સ્વીકારવી અને યુનિવર્સિટી એ નક્કી કરેલ જોડાણની શરતો તથા સ્થાનિક તપાસ સમિતિએ મુકેલી શરતોનું પરિપાલન તા.૧૫/૦૬/૨૦૧૬ સુધીમાં સિન્ડિકેટને સંતોષ થાય તે રીતે સંસ્થા/કોલેજ કરે તો ઉપર્યુક્ત જોડાણની વિગતે તા.૧૫/૦૬/૨૦૧૬ થી તા.૧૪/૦૬/૨૦૧૭ સુધી એક વર્ષ માટે ચાલુ/વધારાનું જોડાણ આપવા રાજ્ય સરકારશ્રીને ભલામણ કરવી."

**આથી ઠરાવવામાં આવે છે કે માન.કુલપતિશ્રીનાં ઉપર્યુક્ત કાર્યની નોંધ લેવી.**

૩૦ જોડાણ — સરકારશ્રીના શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક:સયજ/૨૦૧૩/૧૩૩૫/ખ.૧, તા.૧૭/૦૭/૨૦૧૭ ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

**નોંધ :** (૧) શ્રી અમરેલી જીલ્લા વિદ્યા સભા સંચાલિત – માતૃશ્રી મોંઘીબા આર્ટસ કોલેજ.અમરેલીએ ગ્રાન્ટ ઇન એઇડ કોલેજ છે,

કોલેજે સ્વ.નિર્ભરતાના ધોરણે વર્ષ:૨૦૧૨-૧૩ થી વધારાના વિષય તરીકે બી.એ.(મુખ્ય/ગૌણ) અંગ્રજી, સમાજશાસ્ત્ર શરૂ કરવા જોડાણ અરજી કરેલ હતી.

(૨) કોલેજની અરજી પરત્વે અત્રેના તા.૦૫/૦૨/૨૦૧૫ના પત્રથી શિક્ષણ વિભાગને સૈધ્ધાંતિક પૂર્વ મંજુરી આપવા ભલામણ/દરખાસ્ત કરવામાં આવેલ હતી.

(૩) સિન્ડિકેટ તા.૨૪/૧૨/૨૦૧૨, ઠરાવ નં.૩૯ "આથી ઠરાવવામાં આવે છે કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન ગ્રાન્ટેબલ કોલેજોમાં વિદ્યાર્થી પૂરતા નાં મળવાથી પ્રોત્સાહન આપવા સંબધી જે કોલેજ નવા વિષયોના જોડાણની માંગણી કરે તેની ડિપોઝીટ તેમજ જોડાણ ફી લેવી નહિ પરંતુ જે કોલેજ કોર્સ કે ફેકલ્ટીના જોડાણની માંગણી કરે તો તેની નિયમોનુસાર ની ડિપોઝીટ તેમજ ફી લેવાનું રાખવું."

(૪) સદરહુ સીન્ડીકેટના ઠરાવ અન્વયે કોલેજ પાસેથી જોડાણ ફી ડીપોઝીટ , લેવામાં આવેલ નથી.

(૫) શીકાક્ષ વિભાગના તા.૧૭/૦૭/૨૦૧૭ ના પત્રથી યુનિવર્સિટીને નીચે મુજબ જણાવેલ છે.

"………આપની યુનિવર્સિટી તા.૨૪/૧૨/૨૦૧૨નો ઠરાવ નં.૩૯ રાજ્ય સરકારશ્રીની તા.૨૧/૧૨/૨૦૦૧ની સૂચનાઓ સાથે સુસંગત નથી. સબબ પ્રશ્ન હેઠળની કોલેજને નવા વિષયોના જોડાણની સૈધ્ધાંતિક પૂર્વ મંજુરી અંગેની દરખાસ્ત નિયમાનું સાર ટ્રસ્ટ પાસે જે તે ડિપોઝીટ અને જોડાણ ફી જે લેવા પાત્ર હોય તે લીધા બાદ અને તે અંગેના આધાર સહીત અત્રે દરખાસ્ત કરી એથી આગળની વિચારણા હાથ ધરી શકાય જે વિદિત થાય."

(૬) સિન્ડિકેટ તા.૨૫/૦૬/૨૦૧૨, ઠરાવ નં.૨૦/(૧૩૭) થી પ્રથમ વર્ષ બી.એ.(મુખ્ય/ગૌણ) અંગ્રેજી, સમાજશાસ્ત્રના વિષયોના નવા જોડાણ માટે સરકારશ્રીને ભલામણ કરવા ઠરાવ થયેલ છે.

**આથી ઠરાવવામાં આવે છે કે માન. રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગના સંદર્ભિત પત્ર અનુસાર નિયમાનુસારની ડિપોઝીટ લઈ આગળની કાર્યવાહી હાથ ધરવી.**

૩૧ એકેડમિક — કાયદા વિદ્યાશાખાની તા:-૧૧-૭-૨૦૧૭ની સભાના ઠરાવ ક્રમાંક'૨' અન્વયે નીચે મુજબની ભલામણ પરત્વે માન.કુલપતિશ્રીએ આપેલ બહાલીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એલએલ.બી.(ત્રણ વર્ષ)ના સેમેસ્ટર-'૧' થી '૬'ના સુધારેલ અભ્યાસક્રમ જુન-૨૦૧૭થી એક સાથે અમલમાં મુકવા અંગેની કાયદા વિદ્યાશાખાની તા:-૧૧-૭-૨૦૧૭ની ભલામણ માન.કુલપતિશ્રીએ અધિકાર મંડળોની મંજુરીની અપેક્ષાએ મંજુર કરેલ હોય ઉક્ત અભ્યાસક્રમના ઓર્ડીનન્સ '૧' થી '૨૦' મંજુર કર્યા અંગેના માન.કુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે માન.કુલપતિશ્રીનાં ઉપર્યુક્ત કાર્યની નોંધ લેવી.**

**(નોંધ: ઉક્ત અભ્યાસક્રમના ઓર્ડીનન્સ '૧' થી '૨૦' પરિશિષ્ટ "૧૧" તરીકે સામેલ છે)**

૩૨ ઓડીટ — સૌરાષ્ટ્ર યુનિવર્સીટીનાં સને ૨૦૧૩-૧૪નાં વર્ષના સ્થાનિક ભંડોળ હિસાબ, રાજકોટ દ્વારા અપાયેલ ઓડિટ અહેવાલો જોઈ જવા તથા કાર્યાલય તરફથી તેના તૈયાર કરવામાં આવેલા જવાબો પરત્વે વિચારણા કરવા બાબતે નિયત થયેલ કમિટીનાં અહેવાલની નોંધ લેવા બાબત તથા આગામી સેનેટમાં રજું કરવા બાબતે.

(નોંધ: સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અધિનિયમની કલમ -૫૦(૨) અનુસાર આ યુનિવર્સિટીનાં સને ૨૦૧૩-૧૪નાં વર્ષના ગ્રાન્ટ ફંડ,જનરલ ફંડ તેમજ સામાન્ય ભવિષ્ય નિધિનાં ગુજરાત સરકારશ્રીનાં સ્થાનિક ભંડોળ હિસાબ દ્વારા હિસાબોની ચકાસણી બાદમાં આવેલ ઓડિટ રીપોર્ટસ અન્વયે કાર્યાલય તરફથી સદરહુ ઓડિટ રીપોર્ટસનાં તૈયાર કરવામાં આવેલ જવાબો રીપોર્ટ સાથે જોઈ જવા અંગે નિમેલી સમિતિની સભા તા.૨૪/૦૨/૨૦૧૮ નાં રોજ મળેલ હતી. તે અંગેની રીપોર્ટસ સાથેની મિનિટસ અંગે વિચારણા કરવા તથા રીપોર્ટ તથા જવાબો આગામી સેનેટની સભા સમક્ષ મુકવા અંગે નિર્ણય કરવા બાબત.( ઓડિટ અહેવાલ તથા કાર્યાલય તરફથી તેના તૈયાર કરવામાં આવેલા જવાબો સભા સમયે રજું કરવામાં આવશે.)

**આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં સને ૨૦૧૩-૧૪ નાં વર્ષનાં સ્થાનિક ભંડોળનાં હિસાબોની ચકાસણી અંગે કાર્યાલય તરફથી સદરહું ઓડિટ રીપોર્ટસનાં તૈયાર કરવામાં આવેલ જવાબો રીપોર્ટ સાથે જોઈ જવા અંગે નિમેલી સમિતિની તા.૨૪/૦૨/૨૦૧૮ની સભાની કાર્યવાહી નોંધ મંજૂર કરવી તેમજ તે સેનેટ અને રાજ્ય સરકારશ્રી સમક્ષ રજૂ કરવા.**

૩૩ પરીક્ષા-૫ શ્રી ગાંગાણી ધીરેન દિલીપભાઈ એ વર્ષ-૨૦૦૨ થી વર્ષ ૨૦૦૮ દરમ્યાન કાયદા વિદ્યાશાખા ની ફસ્ટ, સેકન્ડ અને સ્પેશિયલ એલ.એલ.બી. પરીક્ષા તથા મેનેજમેન્ટ વિદ્યાશાખા ની એમ.બી.એ. પરીક્ષા એક સાથે પાસ કરેલ છે.

સદરહુ વિધાર્થીએ કાયદા વિદ્યાશાખા ની પરીક્ષાઓનાં પરિણામો રદ કરાવેલ છે હવે સેકન્ડ એલ.એલ.બી. અને સ્પે. એલ.એલ.બી. નાં પદવી પ્રમાણપત્ર રદ બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે શ્રી ગાંગાણી ધીરેન દિલીપભાઈની કાયદા વિદ્યાશાખા ની પરીક્ષાઓનાં પરિણામો અને પદવી પ્રમાણપત્ર રદ કરવા.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે હવે પછીથી આવા કિસ્સાઓમાં લીગલ અભિપ્રાય મેળવવો.**

**આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે એક સાથે યુનિવર્સિટીનાં બે અભ્યાસક્રમમાં જો કોઈ વિદ્યાર્થી એ ફોર્મ ભરેલ હોય અથવા આ પ્રકારના અન્ય કોઈ કિસ્સાઓ છે કે કેમ ? તેની તપાસ કરવી અને આગામી સિન્ડિકેટમાં બધી માહિતી રજૂ કરવી.**

૩૪ ફાઈનાન્સ સમિતિની તા.૧૨/૦૨/૨૦૧૮ નાં રોજ મળેલ સભાની કાર્યવાહીની નોંધ મંજૂર
હિસાબ કરવા બાબત સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, અનુસ્નાતક ભવનો, ગ્રંથાલય, આરોગ્ય કેન્દ્ર વગેરેનાં નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ના પુનઃનિર્મિત અંદાજપત્ર તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો વર્ષ ૨૦૧૬-૧૭ નો વાર્ષિક હિસાબ મંજૂર કરવા વિચારણા કરવા બાબત.

**આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ સમિતિની તા.૧૨/૦૨/૨૦૧૮ની સભાની ભલામણો મંજૂર કરવી અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, અનુસ્નાતક ભવનો, ગ્રંથાલય, આરોગ્ય કેન્દ્ર વગેરેના નાણાકિય વર્ષ ૨૦૧૭-૧૮ નાં પુનઃનિર્મિત અંદાજો તથા નાણાકિય વર્ષ ૨૦૧૮-૧૯ નું અંદાજપત્ર સુધારા વધારા સાથે મંજૂર કરવા અને નાણાકિય વર્ષ ૨૦૧૬-૧૭ નાં વાર્ષિક હિસાબો મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.**

(નોંધ : **નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ નાં પુનઃનિર્મિત અંદાજો તથા વર્ષ ૨૦૧૮-૧૯ નાં વર્ષનું અંદાજપત્ર તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં નાણાકીય વર્ષ ૨૦૧૬-૧૭ નાં વાર્ષિક હિસાબની નકલ પરિશિષ્ટ "૧૨" તરીકે આ સાથે સામેલ છે.**

૩૫ સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૧૮/૦૮/૨૦૧૭ના ઠરાવ ક્રમાંકઃ પગર/ ૧૨૦૯/
મહેકમ-બ ૩૬૬૨/પાર્ટ ફાઈલ/ખ ૨ થી રાજ્યની શિક્ષણ વિભાગ હેઠળની સરકારી યુનિવર્સિટીઓમાં રજીસ્ટ્રારની જગ્યાઓ યુ.જી.સી.ની લાયકાતના ધોરણે ભરવા બાબતની નોંધ લેવા બાબત.

**નોંધ :** ૧. સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૧૮/૦૮/૨૦૧૭ના ઠરાવ ક્રમાંકઃ પગર/ ૧૨૦૯/ ૩૬૬૨/પાર્ટ ફાઈલ/ખ-૨ થી રાજ્યની શિક્ષણ વિભાગ હેઠળની સરકારી યુનિવર્સિટીઓમાં રજીસ્ટ્રારની જગ્યાઓ યુ.જી.સી.ની લાયકાતના ધોરણે ભરવા નીચેની શરતોને આધીન મંજૂરી આપવામાં આવેલ છે.

(૧) રાજ્યની શિક્ષણ વિભાગ હસ્તકની દરેક સરકારી યુનિવર્સિટીઓએ ગવર્મેન્ટ ઓફ ઇન્ડિયાના મિનિસ્ટ્રી ઓફ હ્યુમન રિસોર્સ ડેવલોપમેન્ટ, ડિપાર્ટમેન્ટ ઓફ હાયર એજ્યુકેશનના તા.૩૧/૧૨/૨૦૦૮ના પત્રમાં જણાવેલ યુ.જી.સી.ની લાયકાતનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૨) જો કોઈ યુનિવર્સિટીએ ઉપરોક્ત પત્રમાં જણાવ્યા મુજબની યુ.જી.સી.ની લાયકાત વગર રજીસ્ટ્રારની જગ્યા ભરવામાં આવશે તો તે નિમણુંક રદ્દ કરવાની રહેશે.

(૩) યુનિવર્સિટીના રજીસ્ટ્રારશ્રીએ રાજ્ય સરકારના નાણાંકીય નિયમો, નાણાંકીય શિસ્ત જળવાય અને કેન્દ્ર સરકારમાંથી ફંડ લાવવાની જવાબદારી ચુસ્તપણે નિભાવવાની રહેશે.

(૪) ઉક્ત ત્રણેય શરતોનું પાલન થાય તે માટે પસંદગી પ્રક્રિયા બાદ યુનિવર્સિટીએ વિભાગની પૂર્વ મંજૂરી મેળવી હુકમ કરવાના રહેશે.S

**આથી ઠરાવવામાં આવે છે કે સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૧૮/૦૮/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક: પગર/ ૧૨૦૯/ ૩૬૬૨/પાર્ટ ફાઈલ/ખ ૨ થી રાજ્યની શિક્ષણ વિભાગ હેઠળની સરકારી યુનિવર્સિટીઓમાં રજીસ્ટ્રારની જગ્યાઓ યુ.જી.સી.ની લાયકાતના ધોરણે ભરવાની બાબત ગ્રાહ્ય રાખવી.**

**(નોંધ : સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૧૮/૦૮/૨૦૧૭ના ઠરાવ ક્રમાંક:પગર/ ૧૨૦૯/૩૬૬૨/પાર્ટ ફાઈલ/ખ ૨ પરિશિષ્ટ "૧૩" તરીકે આ સાથે સામેલ છે.)**

<u>**મુક્ત ચર્ચા વિચારણા**</u>

૩૬ **આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વિવિધ અભ્યાસક્રમોમાંથી સેમેસ્ટર સિસ્ટમ રદ્દ કરવા માટે નિર્ણય લેવા માન.રાજ્ય સરકારશ્રીને અનુરોધ કરવો.**

૩૭ **આથી ઠરાવવામાં આવે છે કે સંલગ્ન કોલેજોને GEM માં નોંધણી કરાવી તેનાં દ્વારા ખરીદી કરવા સંદર્ભમાં પરિપત્ર કરવો.**

૩૮ **આથી ઠરાવવામાં આવે છે કે Ph.d. અભ્યાસક્રમ માટેના કોર્ષવર્ક માટે બધા ભવનમાં એકસુત્રતા જળવાય તે માટે ત્રણ સભ્યશ્રીઓ (૧) પ્રો.જી.સી.ભીમાણી, (૨) ડૉ. મેહુલભાઈ રૂપાણી અને (3) ડૉ. ધરમભાઈ કાંબલીયાની સમિતિની રચના કરવી અને સમિતિ દ્વારા જે અહેવાલ આપવામાં આવે તેના પર વિવેકાધીન નિર્ણય કરવા માટે માન.કુલપતિશ્રીને સત્તા આપવી.**

**અંતમાં અધ્યક્ષશ્રીનો આભારમાની સભાનું કામકાજ પૂર્ણ જાહેર કરવામાં આવ્યું.**

નં.સિન્ડિકેટ/૫૪/૨૦૧૮
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૫
તા.૧૬/03/૨૦૧૮

**કુલસચિવશ્રી**

પ્રતિ,
સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ તરફ...

<u>નકલ રવાના</u>::--

૧. માન.કુલપતિશ્રી/માન.કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી.
૨. એકેડેમિક ઓફિસરશ્રી.
૩. પરીક્ષા નિયામકશ્રી.